૧) ડી. પી. ઝવેરી, ૨) નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (સાંધવ), ૩) હેમેન્દ્ર વિસનજી લોડાયા (બાંઢીયા), ૪) ભાલચંદ્ર ધનજી ધરમસી (સુથરી), ૫) દિનેશ લાલજી અજાણી, ૬) નિર્મલા કેટરર્સ (લોનાવલા), ૭) માતુશ્રી કસ્તુરીબાઈ ખેતશી શિયાળ (જખૌ), ૮) 5 Star કેટરર્સ (ભાંડુપ), ૯) પ્રવિણભાઈ વસા (મુંબઈ), ૧૦) ગીરીશ શિવજી મૈશેરી (ભાંડુપ), ૧૧) ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા), ૧૨) માતુશ્રી કુંવરબાઈ ધનજી મૈશેરી (વાપી), ૧૩) ટોકરશી રતનશી લોડાયા (વારાપધ્ધર), ૧૪) માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા (સાંધવ), ૧૫) તિલકચંદ નરશી નાગડા (નલીયા), વિરચંદ મેઘજી ખોના (સાંધવ), ૧૬) માતુશ્રી વાલબાઈ શામજી હરીયા (દેવપર), ૧૭) નવીન નારાણજી મોમાયા (બાયઠ), ૧૮) ડુંગરશી મુલજી મોતા (અંધેરી), ૧૯) ગુણવંતીબેન ભરત ખોના (જખૌ), ૨૦) દીપકભાઈ ઠક્કર (ભુજ), ૨૧) વિરાજ, ધ્રુવિલ ભૂપેન્દ્ર લોડાયા (મોટી ખાવડી), ૨૨) કાર્તિક સોમૈયા (મુલુન્ડ), ૨૩) દિલીપ ઠક્કર (મુંબઈ), ૨૪) દિલીપ શાહ (મુંબઈ), ૨૫) કાંતીલાલ ભવાનજી લોડાયા (ભાંડુપ), ૨૬) મહમદ હુસેન હિંગોરા (સાંધવ), ૨૭) માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ (સાંયરા) ૨૮) ચેતન દયારામ રાજગોર (સાંધવ), ૨૯) હરીશ ધનજી ડાઘા (વરાડીયા), ૩૦) લાલજી લખમશી દંડ (પરજાઉ), ૩૧) એક સદ્ગૃહસ્થ, ૩૨) હરીશ કુંવરજી મૈશેરી (જખૌ), ૩૩) ગુલાબ ડુંગરશી ધરમશી (સાંધાણ), ૩૪) વિરચંદ નરશી લોડાયા (રાપર), ૩૫) મહેન્દ્ર નરશી મૈશેરી (નાની સિંધોડી), ૩૬) નવકાર જૈન - ઉપકરણ ભંડાર, ૩૭) પ્રીતીબેન પ્રકાશ માણેકજી લોડાયા (થાણા), ૩૮) શ્રી જગદીશ જેઠાલાલ ધુલ્લા (સેવક ભરૂડીયા), ૩૯) ટોકરશી રતનશી લોડાયા (વારાપધ્ધર), ૪૦) મહાવીર સ્ટીલ સેન્ટર (મુંબઈ), ૪૧) ઋષભ સ્ટીલ સેન્ટર, ૪૨) ચાંપશી રાઠોડ (સાંયરા), ૪૩) માતુશ્રી માનબાઈ ટોકરશી મૈશેરી (બાંઢીયા), ૪૪) ગાલા નોવેલ્ટી, ૪૫) પ્રભાબેન નિતિન ધરમશી (સાંધાણ), ૪૬) ચંપકલાલ ગાંગજી ધરમશી (રંગપુર), ૪૭) પ્રેમિલાબેન કીરીટ ખોના (નલિયા), ૪૮) શક્તિ ચિક્કી-ધનજીભાઈ (લોનાવલા), ૪૯) ચંદ્રા લેમિનેશન, ૫૦) ઈન્ડીયન આર્ટ સ્ટુડીયો, ૫૧) નેણશી નરશી દેઢીયા (ભુજપર), ૫૨) માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી કુરૂવા (ગોધરા), ૫૩) મીનાબેન સોમચંદ નાગડા (રાપર)

## કન્યાદાનના સર્વ દાતાશ્રીઓના ખૂબ ખૂબ આભાર.

## સમુહ લગ્નમાં સહયોગ આપનારાઓનો જાહેર આભાર

સમુહ લગ્નોત્સવના દાતાશ્રીઓ, કન્યાદાનના દાતાશ્રીઓ, અતિથિઓ, આમંત્રિત મહેમાનો, જ્ઞાતિજનો, જાનૈયા-માનૈયા, શ્રી લીલાશા કુટીર (આદીપુર, વિધિકાર ધ્રમેશ દેઠીયા, કૌશીક બારોટ (પાલીતાણા), અનંતનાથ મહારાજ જૈન ટ્રસ્ટ (મુંબઈ), ભરત જીવાણી (ડોંબિવલી), નિમેશ કોરીયર (મુંબઈ), છેડા ડેકોરેટર્સ (રાયણ), મહારાજ ટ્રાન્સપોર્ટ (મુંબઈ), મે. સૂર્યા ટ્રાન્સપોર્ટ (ભુજ), અરવિંદ લાલજી લોડાયા, પ્રબોધભાઈ હિરાચંદ મુનવર (ભુજ), શ્રી રાજેશ મોતા (મૈત્રી માર્કેટીંગ) (મુલુન્ડ), શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (ગાંધીધામ), શ્રી. ક.દ.ઓ. જૈન યુવક મંડળ સાર્થક (ગાંધીધામ), કેતન લોડાયા (ગાંધીધામ), વિનય લોડાયા (વારાપધ્ધર), પોમલ સ્ટુડીયો (ભુજ) આમંત્રણને માન આપી દેશ-દેશાવર, કચ્છભરમાંથી પધારેલ અતિથિઓ, જાનૈયા-માનૈયા જ્ઞાતિજનો, આપ સહુના અમો ખૂબ ખૂબ આભારી છીએ, આ સમુહ લગ્ન કાર્યમાં સાથ સહકાર આપનાર સૌના હૃદયપૂર્વક આભાર. આભાર... આભાર... વ્યવસ્થામાં કોઈ ખામી રહી ગઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્.

લિ. **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ** કિરણ દંડ - પ્રબોધ મુનવર

# શ્રી સાંધવ નગરે યોજાયેલ મુમુક્ષુ હેતલબેનના દીક્ષા મહોત્સવની ઝલક



# શ્રી સાંધવ નગરે યોજાયેલ મુમુક્ષુ હેતલબેનના દીક્ષા મહોત્સવની ઝલક
























# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા કચ્છમાં યોજાયેલ સમુહ લગ્નની ઝલક



# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા કચ્છમાં યોજાયેલ સમુહ લગ્નની ઝલક



## અનેક સેલિબ્રિટીઝને ફિટ રાખતાં ન્યુટ્રિશનિસ્ટ ઋજુતા દિવેકરની ડોક્યુમેન્ટરી ફિલ્મ શીખવે છે કે કાયાને નરવી રાખવા ભૂખમરો વેઠવાની જરૂર નથી...

સાગના સોટા જેવી કાયા ધરાવતી અને તાજેતરમાં એક પુત્રની માતા બનેલી કરીના કપૂરને ફિલ્મો તથા ટીવીવિજ્ઞાપનોમાં જોઈને મહિલા વાચિકાઓ નિસાસો નાખતી હશેઃ આ છોકરી કેવુંક ડાયેટિંગ કરતી હશે... બચાડી, પૈસા-પ્રસિદ્ધિ તો છે, પણ ખાવામાં તો ખર્ચી જ નહીં શકતી હોય ને, સૅલડ્સ-જ્યુસ પર જ દિવસો કાઢતી હશે... એવું તમે બધાં વિચારો છો, રાઈટ?

ના, એવું કંઈ જ નથી. જુઆ, કરીના શું કહે છેઃ 'દિવસભર ચુસ્તી-સ્ફૂર્તી જાળવી રાખવા તથા પાતળી પરમાર રહેવા સૅલડ્સ-જ્યુસ પર નથી રહેતી, પણ બધું ખાઉ છું. હા, એટલું ચોક્કસ કે હું ઘરનું સાદું ખાવાનું ખાઉ છું- લીલા શાકભાજી, ગરમાગરમ ફૂલકાં, દાળ-ભાત અને હા, ભાતમાં જરા ઘીની ધાર પણ પડવા દઉં છું. ઘીના તો બઉ ફાયદા છે. મારા દાદીમાં (રાજ કપૂરનાં પત્ની, ક્રિષ્ના રાજ કપૂર) ૮૪ વર્ષનાં છે, પણ કડેધડે છે અને સરસ દેખાય છે. કેમ કે રોજિંદા આહારમાં ઘી ઉમેરે છે.'

૩૫ વર્ષી કરીના પોતાની પાતળી કમર, ચહેરા પર તેજ અને ચાપલ્યનાં કંઈ કેટલાય રહસ્ય ખોલે છે. એક ન્યુટ્રિશન ડોક્યુમેન્ટરી ડીવીડી ફિલ્મ ઈન્ડિયન ફૂડ વિઝડમ ઍન્ડ ધ આર્ટ ઑફ ઈટિંગ રાઈટમાં. આ ફિલ્મનાં લેખિકા-પ્રસ્તુતકર્તા છે અનેક જાણીતી-માનીતી વ્યક્તિની ખાણી-પીણી પર માઈક્રોસ્કોપિક નજર રાખતાં જાણીતા ન્યુટ્રિશનિસ્ટ ઋજુતા દિવેકર, જેમણે કરીનાને ઝીરો ફિગર અપાવવામાં મદદ કરી હતી.

ફિલ્મમાં કરીના કપૂર ઉપરાંત એની મોટી બહેન કરિશ્મા કપૂર, અનુપર ખેર, અભિનેત્રી રિચા ચઢ્ઢા તથા ખુદ ઋજુતા પોતે ભારતીય ખાણી-પીણી આરોગીને પણ ફિટ કેવી રીતે રહી શકાય એ વિશેની મજેદાર વાતો કરે છે.

કરીના કહે છેઃ 'ભૂખે મરવું મને જરાય ગમતું નથી. ફિટ રહેવું હોય ને સરસ મજાનું ફિગર રાખવું હોય તો બધું જ ખાવું, પણ યાદ રહે, તંદુરસ્ત, પૌષ્ટિક આહાર આરોગવો, નહીં કે કચરો. સાથે જ તમે કેટલું ખાઓ છો એ પણ મહત્વનું છે. હું ચુસ્ત શાકાહારી છું. મારો ફંડા છે, જે ભાવે એ ખાવાનું, નિયમિત કસરત કરવાની.'

કરીનાનો દિવસ શરૂ થાય છે કેળાંના મિલ્કશેકથી. થોડી વાર બાદ એક કપ કોફી. કરીના જો કે દાળ અથવા પનીર પર મારો ચલાવે છે. કરીના માને છે કે મધુબાલા જેવી જૂના જમાનાની અભિનેત્રીઓ બ્યુટિફૂલ હતી. કેમ કે એમનો ખોરાક એકદમ સાદો હતો!

ફિલ્મનો ઉપાડ થાય છે શાસ્ત્રીય સંગીતથી. પારંપરિક ભારતીય રંગછટા અને ગ્રામ પરિવેશની પશ્ચાદભૂમાં ઋજુતા દિવેકર શુદ્ધ ભારતીય ભોજનનો, આપણાં તાજાં-લીલાં શાકભાજી, તાજાં ફળ, વગેરેનો મહિમા સમજાવે છે. ઉપરાંત. એ વિવિધ ટિપ્સ પણ આપે છે. જેમ કે...

હંમેશાં પેટ કી સૂનો, હંમેશાં જમતાં પહેલાં અને જમી લીધા પછી શાંતચિત્તે, બે હાથ જોડી ઈશ્વરને પ્રાર્થના કરો. પછી એ શા માટે ભોજન પહેલાં પ્રાર્થના કરવી જોઈએ એ સમજાવે છે. ત્યાર બાદ એ કહે છે કે પારંપરિક ભારતીય ભોજનનો આદર કરો, શા માટે ઘી ખાવું જોઈએ, શાકમાં વઘારનું મહત્ત્વ, શા માટે રિફાઈન્ડ ઑઈલને બદલે ફિલ્ટર ઑઈલ વાપરવું જોઈએ. સપ્તધાતુ એટલે શું. શા માટે આકર્ષક પેકેટ્સમાં મળતાં લૉ ફેટ ફૂડની અવગણના કરવી જોઈએ. શા માટે દેવું કરીને પણ ઘી તો પીવું જ જોઈ. વગેરે વગેરે...

આ ફિલ્મ દ્વારા ઋજુતા ખાવ-પીવા વિશેની તથા વજનની વધ-ઘટ વિશેની અનેક માન્યતા-ગેરમાન્યતા વિશે ચોખવટ કરે છે. ઉદાહરણ તરીકે, એક કપ કે એક ચમચો તોલીને-માપીને ખાવાની રીત ખોટી છે. માપ જ કાઢવું હોય તો તમને કેટલી ભૂખ છે એનું કાઢો... ખાવા-પીવા પર કન્ટ્રોલ રાખવાની વાત આવે ત્યારે આપણે આપણા પેટ ને જીભ પર ભરોસો રાખવો જોઈએ. ટૂંકમાં, ઋજુતાબહેન કોઈ પણ ચીજ ખાવાની ના નથી પાડતાં-શરત એટલી જ કે એ વાનગી ઘરમાં બનાવેલી. તાજી હોવી જોઈએ. ઈટિંગ હૅબિટ્સ (સારી કે ખરાબ) વિશે જેમને સતત મૂંઝવણ રહ્યા કરતી હોય એને આ ચોખવટોમાંથી ઉકેલ મળી રહે છે.

ઋજુતાનાં પ્રવચન ઉપરાંત અન્ય કલાકારો ચઢ્ઢા દર્શકો સાથે ખાણી-પીણીના તથા તંદુરસ્ત રહેવાના પોતાના અનુભવ વહેંચે છે. ફિલ્મનું મોટા ભાગનું શૂટિંગ થયું છે હૃષિકેશ તથા હિમાલયની આસપાસના નાનાં નાનાં રમણીય ગામડામાં એટલે એને નિહાળનારાઓ માટે એ એક સરસ અનુભવ બની રહે છે.

**- શેમારૂ દ્વારા ૨૯૯ રૂપિયા.**


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ

Originally at Zaveri Bazar since 1976

# Making www.kdovp.com more Intractable and Better

In continuation of our ongoing publications on making www.kdovp.com more intractable and better, we are happy to inform you that work on advanced KDOVP android/ IOS app is already on and the same will be launched in phased manner by end of March 2017 !!!

**Interesting KDO Statistics:**
Do you know that our community's head count has reached **30798** at the end of this year 2016 and more interestingly female count (15560) has surpassed male count (15238). All such statistics (age wise / city wise / village wise etc.) can be tracked online by clicking "Statistics" tab from Desktop version, any time.

**Appeal to KDO Members**:
www.kdovp.com - True Digital Platform created BY Community, FOR Community and OF Community, where Only & Only Our Community Members have entry and access to information with sole objective of helping each other, growing together and eventually prospering.

As mentioned in earlier articles, now one can easily update data of self and his / her entire family's data through "Change Request" from Desktop or Laptop or Mobile (with "Desktop View").

**Priority:**
Our Current Priority is to publish Vasti Patrak in book form and for which we have planned to publish Soft Copy of captured data to be printed on Net in 1 months time. To achieve this deadline, we will be giving priorities on following "Change Requests" submitted by our community members.

| | | | |
|---|---|---|---|
| Full name | Official Surname * | Nick Name | Address of residence |
| Education ** | Date of Birth | Date of Death | Telephone numbers *** |
| Profile Photo | Profession and Business # | | |

* Official surname like in PAN card your surname is Shah or Jiwani or Ajani etc...Now you can submit change for all such family members, also some time your spelling of surname is different from one which we are using for sorting, like Maisheri and you are using it as Maheshwari, kindly update from change request.

** Education means All those who are students should update their current standard in which they are studying. Rest need to update last exam passed. Non metric or Non graduate will be considered as wrong entry.

*** Telephone Contact Numbers are by default marked as Private (not visible to Other than your immediate family members). You need to submit Change Request by removing "Private" tick against it to appear on site for others. This way you can be reached by all your relatives and institutes.

# We are starting to update categories based on in what profession you are. This section will give boost to our community to do business within community and will act as KDO Yellow Pages.

It's a sincere request to everyone to get their family data checked and verified (by Self or by immediate relatives or someone who can update the data on your behalf). In case of any difficulties, please contact us via E-Mail (kdovasti@gmail.com) or WhatsApp Message (+91 91677 33603).

We assure you of our best of services at all time,.

Kirit Shah Diamond Dand Jalpa Lodaya

## કચ્છી દશા ઓસવાલ વસતિપત્રકની વેબસાઈટ www.kdovp.com ને વધુ સહેલી અને સારી બનાવવા

કચ્છી દશા ઓસવાલ વસતિ પત્રકની www.kdovp.com વેબસાઈટ ને વધુ સહેલી અને સારી બનાવવા માટેના અમારા પ્રયત્નો ને આગળ ધપાવતા, અમને જણાવતા આનંદ થાય છે કે KDOVP ની એન્ડ્રોઇડ / IOS એપ્લિકેશન ને અદ્યતન બનાવવાનું કાર્ય ચાલુ છે અને તેની તબક્કાવાર રીતે શરુઆત માર્ચ 2017 ના અંતથી કરવામાં આવશે !!!

**કેટલાક રસપ્રદ KDO આંકડાઓ:**
શું આપણને ખબર છે કે આપણી જ્ઞાતિની વસ્તી આ વર્ષના અંતે **30798** ઉપર પહોંચી ગઈ છે, અને વધારે રસપ્રદ માહિતી એ છે કે સ્ત્રીઓની સંખ્યા (15560) થઇ છે જે પુરુષોની સંખ્યા (15238) ની સરખામણીમાં વધારે છે. આવી રસપ્રદ માહિતીઓ (ઉંમર પ્રમાણે / નગર પ્રમાણે / કચ્છના ગામ પ્રમાણે) આપ સૌ ઓનલાઈન ટેબ **"Statistics"** ઉપર ડેસ્કટોપ વર્ઝનથી જોઈ શકો છો.

**આપણા KDO સભ્યોને વિનંતી:**
www.kdovp.com - ડિજિટલ પ્લેટફોર્મ આપણી જ્ઞાતિ દ્વારા બનાવેલ, આપણી જ્ઞાતિ માટે અને આપણી જ્ઞાતિજનોનું, જેમાં ફક્ત અને ફક્ત આપણા જ્ઞાતિજનોને પ્રવેશ અને વપરાશ કરવાની છૂટ છે. આનો એકમાત્ર ઉદ્દેશ એક બીજાની મદદ કરવાનો, સાથે ઉન્નતિ ના શિખરો સર કરવાનો અને સમૃધ્ધ થવાનો

અગાઉ જણાવ્યા મુજબ, હવે આપણે સહુ બહુજ સરળતાથી આપણી પોતાની અને આપણા કુટુંબીજનોની ડેટા / માહિતીઓ કોમ્પ્યુટરના ડેસ્કટોપ અથવા લેપટોપ અથવા મોબાઈલ ફોનના ડેસ્કટોપ વ્યુ મારફત "Change Request" ઓપ્શનથી સુધારી શકીયે છીએ.

**પ્રાથમિક જરૂરત:**
અમારી પ્રથમ પ્રાથમિકતા આપણા વસ્તીપત્રકને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાનું છે. જે માટે અમે પહેલી આવૃત્તિ સોફ્ટ કોપીમાં એક મહિનામાં પ્રગટ કરવાના છીએ જેમાં નેટ ઉપર ઉપલબ્ધ માહિતીઓને લેવામાં આવશે. જે સમયસર પૂરું કરવા અમે નીચે મુજબની માહિતીઓ ને પ્રથમ પ્રાથમિકતા આપશું જે અમને "Change Requests" મારફત તમે મોકલી શકો છો.

| | | | |
|---|---|---|---|
| પૂરું નામ | સત્તાવાર અટક * | ઉર્ફે નામ | ઘરનું સરનામું |
| ભણતર ** | જન્મ તારીખ | મરણ તારીખ | ટેલિફોન નંબર *** |
| પ્રોફાઈલ ફોટો | વ્યવસાય અને ધંધો # | | |

* સત્તાવાર અટક જેવીકે PAN કાર્ડમાં અટક શાહ અથવા જીવાની કે અજાણી વગેરે હોય..તો હવે તમારા બધા કુટુંબીજનો માટે તમે તમારી સત્તાવાર અટકની જાણ "Change Request" થી મોકલાવી શકો છો. અને ક્યારેક અટકની અંગ્રેજીમાં જોડણી અમારી સોર્ટિંગ માટેની જોડણી અલગ હોય જેવીકે Maisheri અને આપ જો સત્તાવાર રીતે અટક Maheshwari વાપરતા હો તો એવા સુધારા પણ "Change Request" થી મોકલાવી શકો છો.

** ભણતર એટલે જે સભ્યો હજી વિદ્યાર્થી છે એમણે તેઓના હાલ ભણતા કક્ષાની વિગત અને બાકીનાઓએ તેમની છેલ્લી પાસ થયેલ પરીક્ષાની વિગત સુધારામાટે મોકલવી. નોન મેટ્રિક કે નોન ગ્રેજ્યુએટ જેવી વિગતોના સુધારાઓનો અસ્વીકાર થશે.

*** બધાજ ટેલિફોન નંબર ખાનગી માર્ક કરેલ છે. જે આપના નજીકના સગાઓ સિવાય બીજાઓ જોઈ કે જાણી નથી શકતા. તમે જો આ ખાનગી માર્કને કાઢી નાખશો તો તમારો નંબર બીજાઓ જોઈ શકશે. તથા આપણી બીજી સંસ્થાઓ તથા તમારા બીજા સંબધીઓ તમને સંપર્ક કરી શકશે.

# અમે તમારા વ્યવસાયને કે ધંધાને સ્વીકૃત શ્રેણીમાં સુધારા કરવાનું શરુ કર્યું છે. આ વિભાગ મારફત આપણે આપણા સમાજની અંદર ધંધાની ઉજળી તકો મળશે જે આપણી જ્ઞાતિની પહેલી યેલો પેજ તરીકે વપરાશમાં આવશે.

અમારી ભાવભીની વિનંતી છે કે આપ સૌ આપના પુરા કુટુંબની માહિતી જરૂરથી જોઈ અને સુધારી લો (તમે અથવા તમારા નજીકના સગાવ્હાલા મારફત અથવા જે તમારી માહિતી તમારા વતી સુધારી શકે એમની મારફત). કોઈ પણ મુશ્કેલી આવે તો નિસંકોચ અમારા ઇમેઇલ (kdovasti@gmail.com) મારફત અથવા વોટ્સઅપ (+91 91677 33603) મારફત સંપર્ક કરશોજી.

અમે તમને મદદ કરવા સદા આતુર રહીશું.
કિરીટ શાહ (મુનવર) ડાયમંડ દંડ જલ્પા લોડાયા

## ધર્મ-સંદેશ ૧૦૧

રચયિતા : જયકાંત મોતા, ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



### ઊભી ચાવીઓ -

૨) એક સૂત્ર (૪)
૩) ઋષભદેવની આ પુત્રીએ સળંગ ૬૦ હજાર વર્ષ આયંબિલ કરેલ(૩)
૪) લગભગ બધે ઠેકાણે આ દિવસે પુજા કરનારા વધારે હોય(૪)
૫) આ મુનિના ૯૧ ઉપવાસ હમણાં જ પૂર્ણથયા (૮)
૬) દાન કરવાના ક્ષેત્રો કેટલા (૨)
૭) ચોમાસાના ચાર મહિના આનો ત્યાગ (૪)
૯) — ત્યાં રંગ (૨)
૧૨) પૂજા નું એક વાસણ (૨)
૧૪) પાયધુન્ની ઊપર આવેલ આ પાર્શ્વનાથનું દેરાસર (૩)
૧૬) સિધ્ધચક્ર નું — (૩)
૧૯) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)

### આડી ચાવીઓ -

૧) — પાંચમ (૨)
૩) જીનકી પ્રતિમા ઈતની — (૩)
૫) તેરા ગામના સાધ્વી રત્ન (૪)
૮) પવિત્રતા (૨)
૯) કુરૂગડુ મુનિ આ દિવસે ભોજન વાપરતા વાપરતા તરી ગયા(૪)
૧૦) અભિનંદન સ્વામીનું લાંછન (૩)
૧૧) આ ચાર હોય (૨)
૧૨) શની— એ મુનિસુવ્રત નો (૨)
૧૩) — પાલીત સંઘ (૨)
૧૪) ઈગતપુરી પાસેનું ગામ જ્યાંના મુળનાયક મુનિસુવ્રત સ્વામી છે (૨)
૧૫) અહીં સાસુવહુ ના દેરાસર છે(૨)
૧૬) આદીનાથના ભરતચક્રવર્તી — હતા (૨)
૧૭) એક દાનવીર (૪)
૧૮) સકલતીર્થ સુત્ર રચનાર(૫)
૨૧) પ્રાસાદ (૪)
૨૪) — પાટલાપૂજન(૫)
૨૬) લક્ષ્મી (૧)
૨૭) દેવાધી દેવ (૩)
૨૯) શ્રવણ બેલગોડાના મુળનાયક(૪)
૩૦) આદીનાથના — પુત્રો હતા (૧)
૩૧) આની સવારી ધાર્મિક વરઘોડામાં હોય (૨)

### ઊભી ચાવીઓ -

૨૦) ધર્મ કરનાર — સહેનાર હોય (૨)
૨૨) મધ્યપ્રદેશનું એક તીર્થ (૪)
૨૩) તીર્થંકરના રક્ષક (૨)
૨૫) ગુરૂવંદનની એક રીત (૩)
૨૮) આની સવારી ધાર્મિક વરઘોડામાં હોય (૨)

---

**ઉકેલ : આડી ચાવીઓ -**
(૧) લાભ (૩) સુંદર (૫) હંસાવલી (૮) સત (૯) સંવત્સરી (૧૦) વાનર (૧૧) ગતી (૧૨) વાર (૧૩) છરી (૧૪) ગોટી (૧૫) કાવિ (૧૬)પુત્ર (૧૭) જગડુશા (૧૮) જીવવિજય (૨૧) જિનાલય (૨૪) અષ્ટમંગલ (૨૬) શ્રી (૨૭) ઇશ્વર (૨૯) બાહુબલી (૩૦) સો (૩૧) રથ

**ઊભી ચાવીઓ -**
(૨) ભગવતી (૩) સુંદરી (૪) રવિવાર (૫) હંસરત્ન વિજયજી (૬) સાત (૭) લીલોતરી (૯) સંગ (૧૨) વાટી (૧૪) ગોડીજી (૧૬) પુજન (૧૯) વિમલ (૨૦) કષ્ટ (૨૨) નાગેશ્વર (૨૩) ચક્ષ (૨૫) ગહુલી (૨૮) રથ

# વાત મનીષાની

- મહેશ યાજ્ઞિક



'ગુડ મૉર્નિંગ સંપટ સાહેબ!' મોબાઈલની રિંગ સાંભળીને અવિનાશે પોતાની બેગ રસ્તા પર મૂકી અને ઊભો રહ્યો. સ્ક્રીન ઉપર સુધીર સંપટનું નામ જોઈને એના હોઠ મલક્યા. પોતે આબુ પહોંચશે કે તરત સંપટકાકાનો ફોન આવશે એવી એને ખાતરી હતી એટલે સંપટકાકા કંઈ બોલે એ અગાઉ એણે શરૂઆત કરી દીધી. ફટાફટ આખો કાર્યક્રમ એક શ્વાસે બોલી ગયો, 'પાંચ મિનિટ પહેલાં જ બસમાંથી નીચે ઊતર્યો. આજથી ચાર દિવસ માટે ચોવીસેય કલાક તમારી સેવામાં. બાય ઓલ મીન્સ. રવિ-સોમ-મંગળ ને બુધ ચાર દિવસમાં નાટક લખાઈ જશે. જેન્ટલમેન પ્રોમિસ. એ પછી ગુરુ-શુક્ર અમદાવાદ ઑફિસમાં હાજરી પુરાવીને શનિવારે સવારમાં મુંબઈ. શનિવારે અગિયારથી બારમાં આપણે મળીએ છીએ.... પક્કા...'

'વેરી ગુડ....' ગુજરાતી નાટકની દુનિયામાં પ્રોડ્યુસર તરીકે સુધીર સંપટનું નામ આદરથી લેવાતું. પ્રોડક્શન માટે એ દિલથી ખર્ચ કરતા... એમના પીઢ અવાજમાં મીઠાશની સાથે ભારોભાર ધંધાદારી તાકીદ પણ ભળેલી હતી. 'લિસન, સોમવારથી રિહર્સલ શરૂ કરવા છે એટલે પ્લીઝ, આ શિડ્યુલમાં કોઈ ફેરફાર ના કરતા.

'ડોન્ટ વરી...' અવિનાશે હસીને કહ્યું, 'એ માટે તો તમારી આજ્ઞા માનીને આબુ આવી ગયો છું. મસ્ત લખાશે. શનિ-રવિમાં સાથે બેસીને ઈમ્પ્રૂવાઈઝેશન પણ કરી નાખીશું. નો પ્રોબ્લેમ.'

'ઓલ ધ બેસ્ટ.'

'થેંક્યુ.' વાત પૂરી થઈ એટલે અવિનાશે મોબાઈલ ખિસ્સામાં મૂક્યો. બેગ ઉઠાવી. બેગમાં સૌથી મહત્વની બે વસ્તુ હતી. ટેપરેકોર્ડર અને કોરા કાગળ. સંપટકાકાએ આપેલી અંગ્રેજી ફિલ્મની ડીવીડી ચાર વખત જોઈ લીધી પછી અવિનાશને વિશ્વાસ હતો કે આ થીમ ઉપર જોરદાર કોમેડી થ્રિલર લખી શકાશે. આમ તો અમદાવાદમાં ઘેર બેસીને પણ લખી શકાય પણ નાટક લખવા માટે તો સંપૂર્ણ એકાંત હોય તો જ મજા આવે. નોકરી અને પરિવારની જવાબદારી વચ્ચે નાટક ના જામે. રૂમમાં આંટા મારીને ટેપરેકોર્ડર સામે સંવાદો બોલવાથી જે જોરદાર સંવાદો આવે એ ટેબલ ખુરશી ઉપર ક્યારેય ન આવે. સંપટકાકા માટે પહેલું નાટક લખેલું ત્યારે પણ એ આ રીતે આબુ આવી ગયેલો.

આબુની હવામાં સવારની ગુલાબી ઠંડક હતી. ઓફ સિઝન હોવાથી રોડ ઉપર ખાસ ચહલપહલ નહોતી. બેગ લઈને એ ધીમે ધીમે આગળ વધ્યો. સહેજ આગળ ડાબી બાજુ ચાની કીટલી ઉપર સરસ ચા મળે છે એની એને ખબર હતી. રોજ સવારે ત્રણ-ચાર કપ ચા પીવાની આદત હોવાથી આ બાબતમાં એ બહુ ચોક્કસ હતો. ચાની કીટલી પાસે પહોંચીને એણે બેગને બાંકડા પર મૂકી. કાંસકો કાઢીને વાળ વ્યવસ્થિત કર્યા. 'ત્રણ આખી સ્પેશિયલ આદુ-ફુદીનાવાળી.' કીટલીવાળાએ પ્રાઈમસ ધમધમાવ્યો. બાંકડા પર બેસીને અવિનાશ રોડ સામે તાકી રહ્યો. એક સેકન્ડ માટે એનું હૃદય ધબકારો ચૂકી ગયું હોય એવું એને લાગ્યું. આંખો ઝીણી કરીને એણે રોડ તરફ નજર સ્થિર કરી. એ જ ચાલ... એ જ ચહેરો... આટલા વર્ષો પછી પણ મનીષાને આટલે

*ઝાંખીપાંખી નજરું પાછાં મંદિરમાં અંધારાંજી,*
*ગામલોકમાં વાતો ચાલે ગિરિધર કામણગારાજી.*

દૂરથી પહેલી જ નજરે ઓળખી શક્યો એનું એને પોતાને આશ્ચર્ય થયું. ત્રીસ વર્ષ... પૂરાં ત્રીસ વર્ષ પછી એ મનીષાને જોઈ રહ્યો હતો! મનીષાનો ચહેરો હવે વધુ સ્પષ્ટ દેખાતો હતો. પોતાને પંચાવન થયાં... અવિનાશે વિચાર્યું... એટલે એને પણ ત્રેપન-ચોપ્પન તો થયાં હશે. એ છતાં એણે પોતાનું રૂપ-ઠસ્સો બધુંયે અકબંધ જાળવી રાખ્યું. હાથમાં બેગ લઈને એ એકલી આ તરફ આવી રહી હતી.

'મનીષા....' એણે બૂમ પાડી. મનીષાએ ચમકીને એની સામે જોયું. પછી આશ્ચર્યથી આંખો પહોળી કરીને એ અવિનાશ સામે તાકી રહી.

'તમે.... ?' મનીષાના અવાજમાં અચરજ હતું. આગળ શું બોલવું એ સૂઝ્યું નહીં એટલે એ અટકી ગઈ.

'બેસ' અવિનાશે ઊભા થઈને એના હાથમાંથી બેગ લઈને બાંકડા ઉપર મૂકી. 'આટલા વર્ષો પછી મળ્યા છીએ તો કમસે કમ ચા તો પી શકાય એટલો સંબંધ તો આપણી વચ્ચે છે.'

કંઈ જવાબ આપ્યા વગર મનીષા સામેના બાંકડા ઉપર બેસી ગઈ. એની બેગ વજનદાર હતી એટલે એ થાકી ગઈ હશે એવું અવિનાશને લાગ્યું. આછા ગુલાબી રંગની સાડી અને એ જ રંગનું બ્લાઉઝ, ગોરા હાથમાં લાલઘૂમ બંગડીઓ, બીજી આંગળીપર ચમકતી હીરાની વીંટી... અવિનાશની આંખો એના નિરીક્ષણમાં રોકાયેલી હતી. ઉંમરને લીધે આંખોની આસપાસ આછાં કૂંડાળાં દેખાતાં હતાં. બાકી એ જ ચહેરો, તીણું નાક, તરવરતી માછલીઓ જેવી પાણીદાર આંખો, ગાલ પર તલ... બધું એવું ને એવું જ હતું. એકદમ નજીકથી વાળની લટોમાં બે-ચાર સફેદ વાળ દેખાતા હતાં.

કીટલીવાળાએ ચાના કપ બાંકડા પર મૂક્યા. અવિનાશે પહેલો કપ મનીષા તરફ લંબાવ્યો. એ હજુ ગંભીરતા ઓઢીને બેઠી હતી. વાતાવરણ હળવું બનાવવા માટે અવિનાશે હસીને કહ્યું : 'આ તો અમારી કુળદેવી છે. સવારે ત્રણ-ચાર કપ જોઈએ...' અવિનાશે એની આંખોમાં આંખો પરોવી. 'આઈ થિંક, બે કપ ચાની તારી આદત પણ હજુ અકબંધ હશે.' કંઈ જવાબ આપ્યા વગર મનીષા એના ચહેરા સામે તાકી રહી. હળવેથી હાથ લંબાવીને એણે ચાનો કપ પકડ્યો. 'બીજી બે-ત્રણ કપ બનાવજે...' ચા-વાળાને સૂચના આપીને અવિનાશે મનીષા સામે જોયું. ત્રીસ વર્ષ અગાઉ કોલેજ કેન્ટિનમાં પીતી હતી એ જ અદાથી મનીષાએ ચાનો કપ હાથમાં પકડ્યો હતો. આ છોકરીએ એ વખતે... ત્રીસ વર્ષ અગાઉ જો હા પાડી હોત તો આટલા વર્ષો સુધી આજની જેમ રોજ સાથે ચા પીવાનો લાભ મળ્યો હોત. મનીષા ચા પીતી હતી અને એની સામે તાકી રહેલો અવિનાશ ત્રીસ વર્ષ જૂની સ્મૃતિઓમાં ખોવાઈ ચૂક્યો હતો.

એલ. ડી. કોમર્સ કોલેજમાં મનીષા અવિનાશથી એક વર્ષ પાછળ હતી. કોલેજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં લેખક, દિગ્દર્શક અને હીરો - એ ત્રણેય જવાબદારી લઈને અવિનાશે નાટક ભજવેલું એમાં મનીષા હીરોઈન હતી. એ પછી બંનેની મિત્રતા પાંગરી. કોલેજ કેન્ટિનમાં સાથે બેસીને ગપ્પાં મારવાનાં અને ચા પીવાની. અલબત્ત, એ સમયે બીજા મિત્રો, સખીઓ સાથે હોય એ છતાં લાગણીની કૂંપળ જે રીતે વિકસી રહી હતી એનાથી એ બંને સભાન હતાં.

પ્રથમ વર્ગમાં બી.એ. થયા પછી અવિનાશે એમ.એ. નો અભ્યાસ શરૂ કર્યો. એમાં પણ કારણરૂપે તો મનીષાનું ખેંચાણ. મનીષાની આર્થિક સ્થિતિ પોતાનાથી વધુ સધ્ધર છે એનું એને ભાન હતું. છતાં પૂરી સમજદારીથી એ ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો. મનીષાના વ્યવહારમાં જ ઉષ્મા અને લાગણી પોતે અનુભવતો હતો એના આધારે એની હિંમત અકબંધ હતી. એ દરમ્યાન કાયમી નોકરી મળી એ દિવસે એણે મોં ખોલવાનું નક્કી કર્યું. કોલેજ કેન્ટિનને બદલે એણે બાજુની હોટલમાં મનીષાને બોલાવી.

'આટલા વર્ષોની આપણી મિત્રતા પછી પહેલીવાર કંઈક કબૂલાત કરવાની ઈચ્છા છે...'

*થાળભરીને અમે ધરાવ્યાં કાચાંપાકાં જીવતરજી,*
*પ્રેમથી જમજો અહો મુરારિ, સ્મિત, સપન ને કળતરજી.*

અવિનાશનો અવાજ એકદમ સ્વસ્થ હતો.

'આઈ નો.... ' મનીષાના હોઠ મલક્યા, 'તું શું કહેવાનો છે એની મને ખબર છે....'

'સોરી...' અવિનાશના અવાજમાં ગંભીરતા ઉમેરાઈ, 'તારી ધારણા ના હોય એવી વાત પણ કહેવાની છે...' અવિનાશે સ્પષ્ટતા કરી, 'લિસન, મારી કેફિયત સાંભળ્યા પછી પુરેપૂરું વિચારીને જવાબ આપજે. તારા માટે જે લાગણી છે એ કાયમ રહેશે. પાછળથી તને પસ્તાવો ના થાય એ માટે તને જે યોગ્ય લાગે એ નિર્ણય લેવા માટે તું મુક્ત છે. મને જરાય માઠું નહીં લાગે.'

'મારા પર વિશ્વાસ નથી ?' મનીષાના પ્રેમભર્યા અવાજમાં મીઠો ગુસ્સો હતો. 'અમીરી-ગરીબી ઉપર પ્રોફેસરની જેમ લેક્ચર આપ્યા વગર નહીં ચાલે ?'

'ઓ.કે....' અવિનાશનો અવાજ વધુ ગંભીર બન્યો. 'આ નોકરીમાં વધુ પગાર તો ભવિષ્યમાં મળશે. અત્યારે જે છે એમાં કોઈ તકલીફ નહીં પડે ને ?'

'બિલકુલ નહિ...' મનીષાએ એનો જમણો હાથ પોતાના બંને હાથ વચ્ચે પકડી લીધો. 'આપણું નાનકડું ઘર હોય અને એમાં આપણો પ્રેમ હોય એ જ પૂરતું છે.' અવિનાશે એની આંખોમાં આંખો પરોવી. હવે પછીની વાત લગીર નાજૂક હતી.

'મારા પિતાજી પાંચ વર્ષ અગાઉ અવસાન પામ્યા છે. મારી બા વિશે આપણે ક્યારેક વાત થઈ નથી. તને કંઈ ખ્યાલ છે ?' મનીષાએ એની મોટી આંખો પહોળી કરીને નકારમાં માથું ધૂણાવ્યું.

'મારી બા અંધ છે....' અવિનાશે હળવેકથી કહ્યું, 'ગયા વર્ષે ડાયાબિટીસ ખૂબ વધી ગયો એમાં એમની બંને આંખો કાયમ માટે ગઈ.... એ બિલકુલ લાચાર છે અને એમની સારવાર-દેખરેખ રાખવાની સંપૂર્ણ જવાબદારી આપણી રહેશે. આ સ્પષ્ટતા એટલા માટે કરું છું કે પાછળથી તને છેતરાયાની લાગણી ના થાય. કોઈ ઉતાવળ નથી. આ તૈયારી હોય તો વિચારીને જવાબ આપજે.'

મનીષાએ હળવે રહીને પોતાના બંને હાથ છોડાવી લીધા. એનો ચહેરો ડઘાઈ ગયો હતો. 'હું વિચારીશ...' એનો પાતળો અવાજ ધ્રૂજતો હતો, 'ત્રણેક દિવસ પછી આપણે મળીએ. ત્યાં સુધી હું વિચારીશ....'

'બસ, એ પછી આજે ત્રીસ વર્ષે મળવાનું થયું હતું! ચા પીતી મનીષા સામે તાકીને અવિનાશ વિચારતો હતો. અલબત્ત, કોલેજમાં મનીષાની બહેનપણીએ આવીને અવિનાશને વાત કરી હતી કે મનીષા લગ્ન કરવા તૈયાર છે, જો અવિનાશ એકલો હોય તો! આંધળી ડોશીનો બોજ ઉઠાવવાની એની ઈચ્છા નથી...' 'એક નાટક લખવા માટે અમદાવાદથી ભાગીને આબુ આવ્યો છું.' ભૂતકાળનો ભાર ખંખેરીને અવિનાશે હસીને કહ્યું. 'શ્રીમતીજી, હાઉસવાઈફ છે. એક દીકરી છે, લેક્ચરર તરીકે જોબ કરે છે. એના માટે મુરતિયાની શોધ ચાલુ છે. એક દીકરો છે એ એન્જિનિયરિંગમાં ભણે છે...' અવિનાશે ઊંડો શ્વાસ લઈને બંને હાથથી આળસ મરડીને ચાનો બીજો કપ હાથમાં લીધો, 'જિંદગી છે, ચાલ્યા કરે છે.' મનીષા હજુ ચૂપચાપ બેઠી હતી. અવિનાશે સહેજ ઝૂકીને એની આંખોમાં આંખો પરોવી...'મનીષાજી કુછ તો બોલો.... હાઉ ઈઝ લાઈફ ?'

'જિંદગીનું તો એવું છે કે એ ચાલ્યા કરે છે...' મનીષાના હોઠ પર ફિક્કુ સ્મિત ફરક્યું, 'રાજકોટમાં રહું છું. મિસ્ટરને સોના-ચાંદીનો બિઝનેસ છે. ઢેબર રોડ પર મોટો શો-રૂમ છે.' મનીષા સહેજ અટકી. અવિનાશના ચહેરા સામે એક પળ તાકીને એણે નીચે જોયું. નીચે જોઈને બોલતી વખતે એના અવાજમાં ધ્રુજારી ભળી હતી. 'સંતાનમાં એક દીકરો છે. મેન્ટલી રિટાર્ડેડ છે. બાવીસ વર્ષનો થયો પણ તની માનસિક ઉંમર હજુ એક વર્ષની જ છે. બે વર્ષથી એને અહીંની સ્પેશિયલ સી.પી. સ્કૂલમાં દાખલ કર્યો છે. દર પંદર દિવસે એને મળવા નાસ્તો લઈને આવું છું. બસ, આ રીતે જિંદગી ચાલ્યા કરે છે...' એની પાંપણ ઉપર આવીને અટકી ગયેલા અશ્રુબિંદુઓ સામે અવિનાશ તાકી રહ્યો.

* * *

*હૃદય વલોવી મિસરી લાવ્યા ઘેલા રે મહિયારાજી,*
*રૂંવેરૂંવે દીવા મોહન અંગેઅંગે ઝાલરજી.*

# મારી બુન

- ભૂપેન્દ્રભાઈ પંડ્યા


તસ્વીર પ્રતિકાત્મક

મારી બાને હું બહેન કહું છું. એ સંબોધન પણ અમારા ગામઠી ઉચ્ચાર પ્રમાણે થાય - 'બુન'. બધાની હાજરીમાં શિષ્ટ ભાષામાં 'મમ્મી' પણ કહેતો હોઉં છું. મારી બુન (બા) ઉત્તર ગુજરાતના નાનકડા ગામ ઉપેરાની ગોમતી નામની અલ્પશિક્ષિત કન્યા. ૧૫-૧૬ વરસની ઉંમરે મારા પિતાજી પુરુષોત્તમભાઈ પંડ્યાને પરણી સાસરે આવીને કુટુંબની જવાબદારીઓ ઉપાડી લીધી પરિવારની સેવા, સામાજિક વ્યવહારોનો યથાયોગ્ય નિભાવ અને સૌના ચહેરા ચહેરા પરનું સ્મિત - એ જ એમની મહત્ત્વકાંક્ષા.

અમે ભૂલેશ્વરની ગુલાલ વાડીના સોપારીવાલા બિલ્ડિંગમાં રહેતા હતાં. એ વખતે અમારા પડોશી અમૃતદાદાના પરિવાર સાથે અમારે ખૂબ ગાઢ સંબંધ. અમારા વતન પાસેના ગેરિતા ગામના એ વતની હતા. સામુદ્રિકશાસ્ત્રના અભ્યાસુ એવા અમૃતદાદા હસ્તરેખા ઉપરાંત પગની પાની પરની રેખા જોઈને ભવિષ્ય કહી શકતા હતા. હું ચાર-પાંચ વરસનો હતો ત્યારે અમૃતદાદાએ મારા પગની રેખાઓ જોઈને મારી મમ્મીને કહ્યું હતું : 'ગોમતી, તારો દીકરો ક્યાંય પહોંચશે. લાખો લોકોના હૃદયમાં સ્થાન પામશે.' નીચલા મધ્યમ વર્ગની મર્યાદાઓમાં જીવતી મારી 'બુન એટલે કે મમ્મી 'ક્યાંય પહોંચશે' નો વ્યાપ એ સમયે સમજી શકતી નહોતી, પરંતુ અમૃતદાદાની વાણીને જે આકાર લેતાં જોઈ રહી છે તેનાથી આજે એ લાગણીવશ થઈ જાય છે.

શૈક્ષણિક મર્યાદાને લઈને મારી કારકિર્દી બાબતમાં બુન માર્ગદર્શન આપી ન શકી, પણ મારા જીવનની વેલ જેમ જેમ વિકસતી ગઈ એમાં એ આધારરૂપ બની રહી.

બુનની ઉપસ્થિતિ અને સંતોષસભર દૃષ્ટિ જ મારા પુરુષાર્થમાં નવચેતનાનો સંચાર કરતી રહી. શિક્ષણ અને આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં ઘડાયેલી મારી હિંમતસભર વિચારસરણી અને બુનના પારંપરિક, સાવચેતીભર્યા અભિગમને લઈને ક્યારેક સંઘર્ષ અવશ્ય થયો છે, પરંતુ એ સંઘર્ષને કારણે હું મારી માતા અને એની સમગ્ર પેઢીને સમજી શક્યો છું. તેને લીધે વિશાળ શ્રોતા સમુદાયની પારિવારિક અને સામાજિક સમસ્યાની સમજ કેળવી ચૂક્યો છું.

મારો જન્મ થયો માગશર સુદ પાંચમને દિવસે. દરેક જન્મદિવસે બુન મને ભાવતી પૂરણપોળી અને બટાટાવડા બનાવે જ. મારી બુન બદલાતા સંજોગોમાં પણ પોતાની રૂઢિચુસ્તતા, રહેણીકરણી તેમ જ ભાષાશૈલીમાં વરસો જૂની વતનની સોડમ જાળવી રાખવામાં ગૌરવ અનુભવે છે. પણ અમારા ઉપર કદી કોઈ બંધન લાધ્યાં નથી. 'તમે બધા જે કરવા ઈચ્છો છો તે કરવા સ્વતંત્ર છો, પણ હું આટલાં વરસોમાં ન બદલાઈ તો હવે શું બદલાઉં ? આ મારી માતાનું ધ્રુવ વાક્ય. આ મનઃસ્થિતિમાં સ્વાભાવિક છે કે એ કોઈ સાંસારિક ઈચ્છા તો રાખે જ નહિ, પરંતુ જ્ઞાતિના સ્વજનો, નિકટના સંબંધીઓ, મિત્રો માટે કંઈક ઘસાઈ છૂટવું એમને ખૂબ જ ગમે. બે-ત્રણ પ્રસંગે મેં મારી બાને પૂછ્યું હતું : 'બુન, તમારી શું

*મંદિરને એક ખૂણે ઊભા લઈ પાંપણની ચામરજી,*
*ડૂબતી આંખોને છેવટના તમે તૃણસધિયારાજી.*
*- સંદીપ ભાટિયા*

ઈચ્છા છે ?' જવાબમાં મમ્મી કહે, 'તારી કથા સાંભળીને વધુ ને વધુ લોકોને ફાયદો થાય ને સમાજમાં શાંતિ સ્થપાય.'

ચારધામ સહિત મુંબઈ-ગુજરાતમાં ઘણા સ્થળે મારી કથા યોજાઈ ત્યાં બાને લઈને ગયો છું. મારી ઈચ્છા છે બુન એક વાર પરદેશ આવે, પરંતુ એ ના પાડે. મારા પિતા પરદેશ પ્રવાસની ઈચ્છા વ્યક્ત કરે, પણ એમની નરમ-ગરમ તબિયતને લઈને એ શક્ય નથી. મને બરાબર યાદ છે ૧૬ એપ્રિલ ૧૯૮૪નો દિવસ. મારું ગ્રેજ્યુએશન બાકી હતું એ પહેલાં મને બેન્કમાં નોકરી મળી ગઈ. પરિવારના સંસ્કાર પ્રમાણે નોકરીના પહેલા દિવસે માબાપને પગે લાગ્યો. મારી બુન તો ખૂબ ખુશ થઈ. આશીર્વાદ આપ્યા. બાપુજીને પગે લાગ્યો તો કહે : 'તું ખાડામાં પડવા જાય છે.' (પિતાજી પણ જ્યોતિષશાસ્ત્રનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા.) આ સાંભળીને બાએ છણકો કરતાં કહ્યું, 'દીકરાને આટલી સરસ નોકરી મળી છે તો સારા આશીર્વાદ તો આપો. બાપુજીએ કહ્યું, 'મને એની કુંડળી ખબર છે. એણે તો હજારોના પથદર્શક બનવાનું છે. સમાજ માટે ઘણાં ધાર્મિક કાર્યો કરવાનાં છે. એનાથી નોકરી નહીં થાય.' બાપુજીના આ શબ્દો દરેક કથાએ યાદ કરું છું. પછી તો મેં આઠ વરસ નોકરી કરી, પણ નોકરીને કારણે ક્યારેય કથા કે ધાર્મિક પ્રવચન અટકાવ્યાં નહોતાં. મારી ૧૪ વરસની ઉંમર હતી ત્યારે માધવબાગમાં ગીતાના બારમા અધ્યાય ઉપર પહેલું પ્રવચન કર્યું હતું. જ્યારે ૧૯૯૧માં વિધિવત્ કહેવાય એવી પહેલી ભાગવત કથા કરી.

છેલ્લાં ૧૯ વરસમાં દેશ-પરદેશમાં લગભગ ૬૦૦ કથાઓ થઈ. દરેક કથા વખતે વ્યાસપીઠ પરથી અનેક વાર માતૃમહિમાનું વર્ણન કરતી વખતે દૃષ્ટિ સમક્ષ બુનને રાખી છે. કથા દરમ્યાન ક્યારેક આયોજકો બુન અને ભાઈ (પિતાજી) ને સ્ટેજ પર બોલાવીને એમનું સન્માન કરે ત્યારે બુનની આંખોમાં છળકતા સંકોચસભર સંતોષને જોવો એ મારે માટે ધન્ય ક્ષણ હોય છે.

મારો એક નિયમ છે કે દુનિયાના કોઈ પણ ખૂણે કથા કરું, પણ ભાગવતકથાના પહેલા દિવસે પોથીયાત્રા શરૂ થાય ત્યારે અચૂક બુનને ફોન કરીને આશીર્વાદ લઉં. બાને પણ કથાનો દિવસ બરાબર યાદ હોય. યુરોપ-અમેરિકામાં કથા હોય ત્યારે અહીં મુંબઈમાં રાત્રે બે-ત્રણ વાગ્યા હોય. છતાં ઘરે ફોનની ઘંટડી વાગે તો એ ફોન અચૂક બુન જ ઉપાડે. પુત્રના ફોનની રાહ જોતી માતા રાત્રે બે-ત્રણ વાગ્યા સુધી જાગતી બેઠી હોય.

વરસે બે વરસે મારી બુન અને પિતા ગામડે રહેવા જાય. વતન પ્રત્યે એમને ખૂબ જ પ્રેમ.ગામડે એકાદ મહિનો રહે એટલે કાયમ ફોન વસાવ્યો નથી. હાલમાં તેઓ ગામ ગયા ત્યારે મેં આગ્રહ કરીને બુનને મોબાઇલ ફોન અપાવ્યો. બુનની ઉંમર ૭૫ વરસની થઈ છે. મોબાઈલ ફોન ઓપરેટ કરવો ફાવે નહીં, પણ હું દિવસમાં બે-ત્રણ વાર એમને ફોન કરી લઉં.

ભગવાને જેવી આપી છે એવી સ્થિતિ સ્વીકારી લેવી એ દૃષ્ટિકોણ સાથે પોતાનાં સગાંસંબંધી, પાડોશી, મિત્રોના કાયમ ક્ષેમકુશળ ઈચ્છતી બુન, હું કથા માટે બહાર જાઉં ત્યારે થોડી ઉદાસ થઈ જાય. હું ઘરે રહું એ બાને ખૂબ જ ગમે. થોડા સમય પહેલા એક કથા માટે પરદેશ જતો હતો ત્યારે બુન અને ભાઈએ એક ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું, 'બસ હવે અમારી એક જ ઈચ્છા છે. અમે સતત તારી સાથે જ રહીએ. અમારા શ્વાસ ખૂટે ત્યારે તારા ખોળામાં માથું હોય. અને અંતિમ શ્વાસ છૂટે. બસ દીકરા અમારી આટલી ઈચ્છા છે.'

* * *

*મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,*
*આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.*
*- ઓજસ પાલનપુરી*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### પોષ દશમીએ ત્ર્યાન્હિકા મહોત્સવ

પોષ દશમીએ ત્ર્યાન્હિકા મહોત્સવ પ.પૂ.સા. શ્રી અમીતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદી ઠાણા પ.પૂ.સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદી ઠાણા ત્રણ પ.પૂ.સા. શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ત્રણની ચૈતન્યશીલ નિશ્રામાં આરાધાઈયો.

પોષ દશમીએ સાંયરાના બા.બ્ર. મુમુક્ષુ ભાવિ રાજેન લહેરચંદ લોડાયાની સંયમ યાત્રાએ શ્રી સંઘે અનુમોદના બહુમાનનો કાર્યક્રમ યોજતા સવારની નવકારશીમાં ૨૬૦ જણે લાભ આપતા દિક્ષાર્થીનું ઢોલ શરણાઈ એ સ્વાગત કરી સિંહાસને બીરાજીત કરાયા.

શ્રી નરેન્દ્ર ચારૂ સંસ્કાર મહિલા મંડળ શ્રી ક.દ.ઓ. મહિલ મંડળ, શ્રી ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ, નિરવ મોતા, વિપુલ લોડાયા, લહેરચંદ મૈશેરીએ દીક્ષાર્થીના ઉત્કૃષ્ટ ભાવનાની બિરદાવલી કરી શુભેચ્છાઓ આપી.

શ્રી સંઘ તરફથી માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયાએ રજતની ગીની મોમેન્ટો, શાલ, શ્રીફળ, માલા અને તિલકથી ગૌરવ થયું.

લહેરચંદ મૈશેરીએ દિક્ષાર્થીના માતા-પિતાની એકની એક દિકરીને જિન-શાસન અને ગુરૂદેવોના ચરણે અર્પણ કરતાં ભાવની અનુમોદના કરી શ્રી સંઘ તેઓભીનું બહુમાન કર્યું.

સંઘ આયોજીત બેઠા વરસીદાને દીક્ષાર્થીએ છુટા હાથે વરસીદાન કર્યું. ૧૮૦ની હાજરી રહી. દીક્ષાર્થીએ મા-બાપ અને ગુરૂદેવોના ઉપકારોને બીરદાવી દીક્ષાએ પધારવા આમંત્રણ આપ્યું. કાર્યક્રમે મનોજ લોડાયા સક્રીય ભાગ ભજવ્યો.

પૂ. અનંતયશાશ્રીજી મ.સા. દીક્ષા પ્રત્યે શ્રી સંઘના આદરની અનુમોદના કરી શુભેચ્છાઓ પાડવી.

શ્રી સંઘ તરફથી નવકારશી રહેતા ૧૫૮ જણે લાભ આપ્યો.

શ્રી મહેશ ખીમજી ગડાએ વરસીતપના ૧૭ આરાધકોને શત્રુંજય તીરથની ઉચ્ચિત વૈયાવચ્ચે યાદગાર યાત્રા કરાવી.

શ્રી અનંત મિત્ર મંડળ આયોજીત પાવાગઢ યાત્રામાં ૫૨ ભક્તો જોડાઈ સુખરૂપ પરત ફર્યો.

### શ્રી પ્રબોધ મુનવરની ''ધરતી રત્ન એવોર્ડ'' માટે વરણી

માનવજ્યોત (ભુજ) સંસ્થાનાં પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરને માનવસેવા-જીવદયા અને પર્યાવરણ પ્રવૃત્તિઓ માટે તા. ૨૯-૧-૨૦૧૭નાં અમદાવાદ મધ્યે આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપીણીનાં વરદ હસ્તે ''ધરતીરત્ન એવોર્ડ'' અર્પણ કરવામાં આવશે.

પસંદગી સમિતિ દ્વારા ૪૯ નોમીનેશનમાંથી ૧૧ સેવા વિરલાઓની પસંદગી કરવામાં આવી છે. સમારંભનું અતિથિ વિશેષ પદ મહિલા સેવા ક્ષેત્રના અવિરલ તારલા સમાન અને ગુજરાત રાજ્યમાં બહેનાના સશક્તિકરણની સેવાઓના સરતાજ અને સેવા સંસ્થા તથા ગાંધી આશ્રમના ચેરપર્સન શ્રીમતી ઈલાબેન ભટ્ટ શોભાવશે. ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી આર.એસ પટેલ તથા ટ્રસ્ટીગણ અને પસંદગી સમિતિનાં સભ્યશ્રીઓએ માનવસેવાના વાહક અને ચાહક તરીકે આ એવોર્ડીઓની પસંદગી થઈ છે તેવું જણાવ્યું છે.

### ચાલીસગામ જૈન સંઘની તપસ્વી યાદીમાં ઉમેરો

વર્ષીતપના અ.સૌ. દક્ષાબેન રાજેશભાઈ શિયાળ અક્ષય નિધી તપમાં શા. મનીષ ભાઈ ભવાનજી લોડાયા

### ધ્રોળ નુખના દેવસ્થાનની પહેડી

કચ્છ ગામના ગોધરો, કોટક મહાદેવ પુરી, ધ્રોળ નુખના સચ્ચા માતાજી / વાછરડાદાદાની ૧૨મી પેડી તા. ૨૩-૪-૨૦૧૭ રવિવાર સવારના ૧૦ થી ૧ના આયરીસ બેંકવેટ એ.સી. હૉલ, મુલુંડમાં રાખેલ છે. પેડીના લાભાર્થી માતુશ્રી દમયંતીબેન ઉમરશી. ધ્રોળ હસ્તે અ.સૌ. ધર્મિષ્ઠા મનીષ ધ્રોળ, હાલ કાંજુરમાર્ગ


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

સંપર્ક : ભુવાશ્રી મનોજભાઈ - 098209 62619, મનીષભાઈ - 098192 87654

## પોલડીયા પરિવાર આયોજીત માં આશાપુરા ની પહેડી

ગૌરંગ બાલુડો પોલડીયા પરિવાર (ગોયરસમા, રંગપૂર, બારોઈ, બાયઠ, લુણી, ડુમરા)ના માં આશાપૂરાને નમતા પોલડીયા પરિવારની આઠમી પહેડી તા. ૨૫-૧૨-૨૦૧૬ના રવિવાર રોજ શ્રી અનંતસિદ્ધિ એ.સી. હૉલમાં ખૂબજ ભક્તિ ભાવ અને ઉલ્લાસ સાથે સંપન્ન થઈ.

માં આશાપુરાની આઠમી પહેડીના લાભાર્થી પરિવાર સૌ ટીના રાજેન્દ્ર પોલડીયા, જલગામ (બાયઠ) હતા. આશીર્વાદ સ્વ. રતનબાઈ વેલજી આણંદજી પોલડીયા, સ્વ. ધનબાઈ ધનજી માણેકજી મોમાયા (વરાડીયા).

સવારનાં ૯ વાગે માતાજીની છબી સાથે ધામધૂમથી વરઘોડો કાઢી. વિધવત પુજા સાથે થાળ નૈવેદ્ય ધરાવવામાં આવેલ. તૃપ્તીબેન ગોસર એન્ડ પાર્ટીએ રાસ ગરબાની ખૂબજ રમઝટ જમાવેલ. સ્વાદિષ્ટ ભોજનથાળ ભાવિકોએ માણેલ. લગભગ ૫૨૫ના ઉપર સંખ્યામાં પોલડીયા પરિવાર અને આમંત્રીત અને અતિથી વિશેષ ભક્તો પધારેલ. જલગામ, ધુલિયા, ભુસાવલ, નાસિક, ચાલિસગામ, પુના, કચ્છથી પણ ભક્તો પધારેલ હતા.

પહેડીનું સફલતા પૂર્વક સંચાલન શ્રી લક્ષ્મીચંદ પોલડીયા (લલાપો)એ કરલે એમાં સાથ સહકાર શ્રી નરેન્દ્ર પોલડીયા અને યોગેશ પોલડીયાએ આપેલ.

લાભાર્થી પરિવારનં બહુમાન મહાજનનાં માનદમંત્રી શ્રી ચેતન મોમાયા, બાયઠ ગામના પ્રમુખ શ્રી ઠાકરશી ગોસર અને શ્રી પ્રવીણ લોડાયા ના હસ્તે કરવામાં આવેલ.

શ્રી પ્રવીણ લોડાયા, શ્રી નયન ભેદા, શ્રી ઠાકરશી ગોસર, શ્રી લેરીન ખોના, શ્રી ચેતન મોમાયા, શ્રી ચંદ્રહાસ ખોના, સૌ. લક્ષ્મીબેન ખોના, શ્રીમતી વીણા નાગડા, શ્રી રાજેન્દ્ર ખોના, શ્રી દીપક પોલડીયા પધારેલ હતા.

## સોનથરી લેડીઝ વિંગ

ના ઉપક્રમે આગામી ધમાલ ભર્યો કાર્યક્રમ ઢોલના ધબકારે, દાંડિયા રાસ, મટૂકડી ઢોલરાંધ ગરબાની ધમાલ સાથે ઈનામોની વણજાર તથા ઘણાં દિવસે ભેગા મળવાની મજા તા. ૧૪-૧-૨૦૧૭ શનિવાર બપોરના ૪ થી ૭ ક.

**સ્થળ :** રોટરી સેવા હૉલ, આર.એન. ગાંધી સ્કૂલની સામે, વિદ્યાવિહાર (પૂર્વ), સ્ટેશનથી ૨-૩ મિનિટના અંતરે

**અતિથિ પાસ લઈને ભાઈ-બહેનો-બાળકો આવકાર્ય. તો બહેનો છુટી-મડ પહેરી સરસ મજાના તૈયાર થઈ સમયસર પધારશોજી.**

**સભ્ય બહેનો માટે :** કાંઈપણ વેચાણ માટે રૂા.૧૦૦/-ના નજીવા ભાડેથી સ્ટોલ રાખી શકશો. તા. ૩૦-૧૨-૨૦૧૬ સુધી જણાવવા વિનંતી.

**સંપર્ક : સરોજબેન લોડાયા - 07666574620**

સંપૂર્ણ કાર્યક્રમના દાતાશ્રી : **માતુશ્રી તેજબાઈ વિસનજી ઘેલાભાઈ છેડા પરિવાર** (સુથરી)

### નોટબંધી અને 'પાંજી બેંક' અરિહંત બેંક, ભાંડુપ શાખા

● પ્રકાશ સમીક્ષાના અંક : ૫૨ (૨૬ ડીસેમ્બર થી ૧ જાન્યુઆરી)માં સર્વશ્રી કાંતિલા વિકમસી અને વિનોદ મોતાનો પ્રસિદ્ધ થયેલ પ્રશંસાપત્ર વાંચીને આ પત્ર લખવા પ્રેરાયો છું.

● નોટબંધી થકી ગ્રાહકોને પડેલી તકલીફો તેમજ તેનાથી ઉત્પન્ન થયેલ રોષ અને આક્રોશથી આપણે સૌ પરીચીત છીએ.

● આવી પરિસ્થિતીમાં અરિહંત બેંકની ભાંડુપ શાખાના સ્ટાફના સભ્યોએ જે રીતે ધીરજપૂર્વક, નમ્રતાપૂર્વક અને સમજદારીથી કામ કર્યુ તે ખરેખર કાબિલે તારીફ છે.

● બ્રાંચ મેનેજર તેમ જ સ્થાનિક ડાયરેક્ટરની ઉપસ્થિતિ હોવા છતાં તેમની દરમ્યાનગીરી વગર બ્રાંચના સભ્યોએ આ કઠિન પરિસ્થિતીમાં તેમની ફરજ પાર પાડી હતી.

● નોટબંધીના શરૂઆતના જ દિવસોમાં જોં બેંકની હેડ ઓફિસને ભાંડુપ શાખાની સુંદર કામગીરી બદ્દલ આભાર વ્યક્ત કરતો ઈ-મેઈલ પણ મોકલાવ્યો હતો.

● અરિહંત બેંકની ભાંડુપ શાખાના તમામ સ્ટાફને સલામ, ધન્યવાદ અને આભાર. **- હીરાચંદ આર. નાગડા,** ભાંડુપ


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**માટુંગા.** ફોન : 2402 5070 / 86522 39537

- **સાચી /ટેસ્ટેડ જરીની સીડીઓ - ચણીયા ચોલી**
- **ધરચોળાની બોર્ડરો - ભારે પાનેતર**
- **પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ**
- **તૈયાર તેમજ ઓર્ડરથી પણ**

**સોમવારે બંધ**

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**

**તન મન**
**ટુર એન્ડ ટ્રાવેલ્સ**

**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**


કોટન એસોશિએશન ઓફ ઈન્ડીયાના ડાયરેક્ટર પદે નિયુક્ત થવા/ ચુંટાવા બદ્દલ શ્રી દીપકભાઈ દામજી પોલડીયા તથા શ્રી પંકજભાઈ ધનજી મેપાણીને અભિનંદન સહ શુભેચ્છાઓ....

**- ચીમન મોતા** *તન-મન પરિવાર*


**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કમલેશ સોમચંદ દંડ** (PS 2226) | એ-૩૦૯, અનંતનાથજી કોમ્પલેક્સ, ડબ્બા કંપની પાસે, નહેરૂ નગર, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૪૨. |
| **જયંતીલાલ રાયશી ગોશર** (PS 559) | બી-૭૦૫/૭૦૬, બેલેરીના, ૩જી ક્રોસ લેન, લોખંડવાલા કોમ્પલેક્સ, હાઈ પોઈન્ટ હોટલ લેન, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩. |
| **હિરેન શીવજી લોડાયા** (PS 5194) | અનંતનાથજી દેરાસર ઑફિસ, ૧૦૭, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮. મો. : 7045077911, 9819246236 |
| **શ્રીમતી રમીલા કિશોર નાગડા** (PS 1487) | ૨૬૦૩, ચેરીશ, સિટી ઑફ જૉય, જે. એસ. ડી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **હિરેન લક્ષ્મીચંદ નાગડા** (PS 1503) | ૭૦૧, સેંચુરા સેનરૂફ પ્રોજેક્ટ, મુલુંડ ગોરેગામ લિન્ક રોડ, નાહુર રેલ્વે સ્ટેશનની સામે, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૧. |
| **કિરણ લાલજી પટેલ (મૈશેરી)** (PS 5165) | બી-૧૯, સુખ સ્વાતી, સેક્ટર નં. ૬, શ્રી નગર, અય્યપ્પા મંદિર, થાણા (વેસ્ટ) - ૪૦૦ ૬૦૪. મો.: 8888126600 |
| **શ્રીમતી મીના મિલન મોમાયા** (PS 2599) | ૭૦૨, કૉસમૉસ ઑર્ચિડ આયરીસ, હાયપર સિટી મૉલની સામે, સાઈનાથ નગર, થાણા (વેસ્ટ) - ૪૦૦ ૬૧૫. મો.: 9892139832 |
| **શ્રીમતી ચેતના ભરત લોડાયા** (PS 3543) | બી-૨૩, સાઈ પ્રસાદ કો.હા.સો., ગિરજા માતા મંદિરની સામે, ઠાકુરવાડી, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **લક્ષ્મીચંદ દેવજી હેફા** (PS 4003) | એ-૪૦૨, ૪થે માળે, મોરે ટાવર, ગાવદેવી ગુપ્તા રોડ, વેલેન્કની સ્કૂલ પાસે, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **અતુલ વિરચંદ કુરૂવા** (PS 4105) | રૂમ નં. ૩, સી વિંગ, કેશવ ગૌરવ એપાર્ટમેન્ટ, ગુજરાતી બાગ, શાહપુર, આસનગાવ - ૪૨૧ ૬૦૧. |
| **વિનોદ હીરજી નાગડા** (PS 7296) | હાઉસ નં. ૩-૨-૭૫૪/૧, ૩જે માળે, રહમત બાગ, ચપ્પલ બજાર, કાચીગુડા, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૭. |
| **માલશી હીરજી મોમાયા** (PS 5700) | ૩૮૮૧/૪૫, આશાપુરા, ગુરૂદેવ એપાર્ટમેન્ટ પાસે, રચ્યુતેશ્વર નગર, ગદગ - ૫૮૨ ૧૦૧. (કર્ણાટકા) |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૧૨-૧૬ | સાંતાક્રુઝ | આહના, સમીરા રૂષભ શિયાલ | દલતુંગી | પુત્રી |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૨-૧૬ | મુલુંડ | કેવલ રાજેન્દ્ર દેવશી મૈશેરી | જખૌ | ૩૧ |
| | મુલુંડ | દીપના મહેન્દ્ર કેશવજી મોતા | કોઠારા | ૩૧ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૧૨-૧૬ | હાલોલ | કશ્યપ પંકજકુમાર જમનાદાસ શાહ | હાલોલ | ૨૬ |
| | હાલોલ | નેહા અજેશકુમાર પૂનમચંદ નાગડા (શાહ) | કોઠારા | ૨૬ |

### છૂટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૯-૧૫ | માટુંગા | સચીન કિરણ ખેતશી કુરૂવા | ગોધરા/બાયઠ | ૩૨ |
| | ગાંધીધામ | ઉમા સૂર્યકાન્ત વર્ધમાન નાગડા | નલીયા | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૬ | જલગામ | દિનેશભાઈ ત્રિકમજી મોમાયા | જખૌ | ૮૪ |
| ૦૩-૦૧-૧૭ | જલગામ | તારાબેન કુલીનકાંત (કાંતિલાલ) મુલજી દેવશી લોડાયા | બારોઈ | ૭૯ |
| ૦૪-૦૧-૧૭ | ચાલીસગામ | ઈન્દીરાબેન ભવાનજી ખોના | સાંધવ | ૭૪ |
| ૦૪-૦૧-૧૭ | વડોદરા | ચંપાબેન દેવશી મોમાયા | સુથરી | ૮૪ |



"I could conquer the world with one hand
as long as you are holding the other"

# HARISH AND MALTI DHARAMSI

## CELEBRATING 42 YEARS OF TOGETHERNESS

**6th January, 2017**




# HAPPY ANNIVERSARY!!

Amit-Tejal, Punit-Khyati, Sumit-Aarthi, Khushi, Palaash, Rhea, Divisha

Amee Thakkar +91 9969 081899

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (09-01-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


# દ્વિતીય પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ







જન્મ :
તા. ૧૦/૦૧/૧૯૪૦

અરિહંત શરણ :
તા. ૦૯/૦૧/૨૦૧૫

## ગુલાબચંદ જેતશી ઠાકરશી ખોના

ગામ : મોટી ખાવડી, હાલ : દાવણગીરી

પળે પળે તમારી યાદ આવે છે,
યાદ આવી આવીને રડાવી જાય છે....
રાત્રી વિતી, દિવસો વિત્યા,
આજે બે વરસ પણ ગયા વિતી....
પરંતુ યાદ આજે પણ છે તાજી,
શમણું લાગે છે તમે અમારી વચ્ચે નથી,
પ્રભુ તમારા આત્માને ચિરશાંતિ આપે,
એજ અમારી અભ્યર્થના.

❖ સ્મરણકર્તા ❖

ધર્મપત્ની : હેમલતા ગુલાબચંદ ખોના

પુત્ર - પુત્રવધુ : નયના રાજેશ ખોના
નેહા ડેની ખોના
બિંદુ ભૈરવ ખોના



પૌત્ર : કરણ, વિક્કી, કુનાલ, પ્રણવ

પૌત્રી : અદિતિ, દિશા

**SANGAM DRESSLAND**

Davangere • 094481 15075 / 098803 03063


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,